# ભયંકર સફર

બાદશાહ અકબર અને મહારાણા પ્રતાપસિંહના સમયની આ કહાણી છે.

તે સમયે સુરત મોટું બંદર હતું.

સુરત પાસે એક ગામ.

તાપીને કિનારે જ.

ત્યાંથી દરિયો પણ ઘણો નજીક.

આ ગામના ઘણા માણસો વહાણોનું કામ કરતા.

માનસેનના પિતાજી પણ એ જ કામમાં હતા. બીજા ઘણા સુરતમાં વેપારમાં પણ કરતા. તે સમયે સાગરમાં વહાણો ઘણાં ચાલતાં હતાં.

માનસેનના પિતાજી નાળિયેરના મોટા વેપારી હતા. તેમનાં પોતાનાં પાંચ વહાણ હતાં. આપણા દેશનો માલ વહાણો ભરીને પરદેશમાં લઈ જતા હતા.

લંકા એટલે સિલોન.

ત્યાં નાળિયેરી ઘણી થાય છે. વહાણમાં ભરી ભરીને નાળિયેર સુરત લઈ આવે. કોપરાંના ગોળા પણ લાવે.

માનસેનના એક મોટા ભાઈ લંકામાં હતા. ત્યાંથી નાળિયેર ખરીદે અને વહાણમાં ભરીને સુરત મોકલી આપે.

માનસેનનું ભણતર પૂરું થયું હતું. ગામમાં નિશાળ હતી. ગણિત ભણી લીધું. વાંચતાં, લખતાં અને હિસાબનું શીખવતા. આટલું શીખી લે એટલે ભણતર પૂરું થાય. તેથી વધારે ભણવું હોય તો સુરત જવું પડે. ત્યાં જવાની વાત નહોતી.

માનસેનને હવે કંઈ કામ ન રહ્યું.

નવરા બેસવાનું માનસેનને ગમે નહીં. પિતાજી ઘણી વાર એને વેપારનું કામ બતાવતા.

માનસેન તે કામ તરત જ કરી આપતો. પિતાજીને એમ થતું કે, છોકરો નાનો છે, પણ ચતુર છે. તેને વેપારનું કામ શીખવીએ. હમણાં ભલે હરેફરે. પોતે સુરત જતા ત્યારે માનસેનને સાથે લઈ જતા.

ત્યારે મોગલાઈ રાજ હતું.

અંગ્રેજો હજી આવ્યા નહોતા.

સુરતનું નગર જબરું બંદર ગણાતું હતું. ત્યાં તાપી નદી છે. દેશદેશના વેપારીઓ ત્યાં વહાણો લઈ આવતા. તાપીનાં પાણી આમ તો છીછરાં છે, પણ દરિયાની ભરતીનું પાણી સુરત સુધી આવે છે, ત્યારે તાપીનું પાણી દરિયા જેવું ઊંડું બની જાય છે. તેમાં વહાણો આવી શકતાં હતા.



દેશદેશનાં વહાણો સુરતને કિનારે આવતાં હતાં. ભાતભાતની ધજાઓ આ વહાણો ઉપર ફરકતી હોય.

માનસેનને દેશદેશનાં વહાણો જોવાનું ઘણું ગમતું હતું.

ડક્કા કિનારે અનેક વહાણો ઊભાં હોય, ત્યાં જઈને માનસેન બેસે. પરદેશથી આવેલા વહાણિયાને જુએ. વહાણમાં કામ કરે તેને વહાણિયા કહે છે. કોઈ કોઈની સાથે વાત પણ કરે. કોઈની પાસેથી આફ્રિકાની વાત સાંભળવા મળે. ઓહો! સાત સાગર પાર કરીને આફ્રિકા જવાય. કોઈ વળી અરબસ્તાનની વાત કહે. ખજૂર ત્યાં પાકે છે. રેતીનાં જબરાં રણ પણ ત્યાં છે. આવી દેશદેશની વાતો સાંભળીને માનસેન ભારે આનંદ પામે. મનમાં થાય કે હું પણ આવાં વહાણમાં બેસીને ઊપડું. મોટા ભાઈ ત્રણ-ચાર વરસે આવ્યા. ત્યારે માનસેન ભણી ચૂક્યો છે. મોટા ભાઈએ વિચાર કર્યો, કે માનસેનને પણ લંકા લઈ જવો. લંકામાં તેમની મોટી પેઢી છે. તેમાં વેપારનું કામ શીખશે.

માનસેનના પિતાજીને આ વાત ગમી. બાળકોને નાનપણથી જ કંઈ ઉપયોગી કામમાં રોકવાં જોઈએ.

તેથી પણ વધારે માનસેનને આ વાત ગમી ગઈ. વહાણની સફર થાય. લંકા જેવો દેશ જોવાય.

મોટા માણસો પાસેથી સાંભળ્યું હતું, કે દેશ-પરદેશ ફરે છે, તે પંડિત બને છે. વાંચેલું ભૂલી જવાય છે, પણ જોયેલું ભુલાતું નથી. સાંભળેલું ભૂલી જવાય, પણ અનુભવેલું કદી ભુલાતું નથી.

ખરું જ્ઞાન વાંચેલી ચોપડીમાંથી નથી મળતું, પણ જોવા-જાણવાથી મળે છે. સાકરનો સ્વાદ કેવો હોય તે સાકરની વાત વાંચવાથી સમજાય નહીં, પણ સાકર ખાવાથી જ સમજાય. એનું નામ અનુભવ.

આવા અનુભવથી માણસની બુદ્ધિ વધે છે.

વાત નક્કી થઈ ગઈ. માનસેનને લંકા લઈ જવાનું પાકું થયું.

તૈયારી થઈ. સારું મહુરત જોઈને માનસેન વહાણમાં બેઠો. વહાણ હંકારી દીધું. સાગર ઉપર વહાણ કેવી રીતે ચાલે છે તે જાણીને માનસેનને મઝા આવી.

ભારે લહેરથી મુસાફરી પૂરી થઈ.
લંકાનો ટાપુ આવી ગયો.
કિનારે ઊતરીને ગામમાં ગયા.

મોટા ભાઈએ માનસેનને આખું લંકાનગર ફરી ફરીને બતાવ્યું.

મોટા ભાઈએ વિચાર કર્યો, કે હમણાં માનસેન ભલે ફરતો અને નગરનો જાણીતો થતો. તેથી તેને બે-ચાર કલાક પેઢીનું કામ કરવા બેસાડે. પછી જ્યાં ફરવું હોય ત્યાં જવા દે.

માનસેન નગર બહાર નીકળી જાય. દરિયાને કિનારે વગડામાં બધે ફરે. ભગવાન બુદ્ધનાં મંદિરો ઠેર ઠેર દેખાય. લંકામાં બધા લોકો ભગવાન બુદ્ધનો ચલાવેલો અહિંસા અને પ્રેમનો ધર્મ પાળે છે. લંકાનો ટાપુ હરિયાળો છે. જંગલ અને ઝાડીથી ભરપૂર છે.

એક દિવસ ફરતો ફરતો માનસેન એક તળાવને કિનારે જઈ પહોંચ્યો. ચારે બાજુ ઝાડી હતી. તળાવ પણ કંઈક મોટું હતું. શહેરથી પાંચ છ માઈલ દૂર હતું. આટલે બધે દૂર માનસેન નીકળી આવ્યો. હવે ઝટ પાછા જવું જોઈએ. પાછું નગરમાં પહોંચતાં સમય લાગે. થોડી વાર તળાવને કિનારે બેસીને પાછા જવાનો વિચાર કર્યો. થોડી વાર થઈ હશે કે બાજુમાં વાઘની ઘુઘવાટી સંભળાઈ. ઉપરાઉપરી ચીસો સંભળાઈ. માનસેન ઊભો થઈ ગયો. વાઘ આવી રીતે ઘુઘવાટી કરતો નથી. તો નક્કી કંઈ હોવું જોઈએ. આ કંઈ અમસ્તી ઘુઘવાટી જેવો બોલ નહોતો. ત્યાં તો વાઘની ચીસો ધીમી થઈ ગઈ.

માનસેન દોડ્યો. કિનારે ઝાડી જ હતી. જે બાજુથી ઘુઘવાટી આવેલી તે બાજુ ગયો. ઝાડીમાં પેસીને થોડે દૂર ગયો કે ભયંકર દેખાવ જોયો.

એક ઘોડો બાંધેલો છે. એક માણસને મોટા ઝાડ ઉપર ચડેલો જોયો. બીજા એક ઝાડની ડાળીએ એક તોતિંગ અજગર છે. તેણે વાઘને પકડી લીધો છે. વાઘની ડોક અને પીઠ ઉપર તે વીંટળાઈ ગયો છે. પહેલાં પેટ પર વીંટળાઈને પછી ગરદન ઉપર વીંટાયો હશે. હવે તેણે વાઘની ગરદન દબાવી દીધી. વાઘનું ગળું ભીંસાઈ ગયું હતું.

માનસેનના શરીરના વાળ ખડા થઈ ગયા. વિચારે છે કે આ વાઘને શી રીતે બચાવી શકે? પોતાની પાસે કશું હથિયાર પણ નથી. હા, માનસેન પાસે એક લાઠી હતી. ચાલો, લાઠી તો લાઠી.


હિંમત એ જ મોટું હથિયાર છે. હથિયાર પાસે હોય અને હિંમત ન હોય તો હથિયાર શા કાંમનું?

માનસેન દોડ્યો. ફડાફડ લાઠીઓ ઝીંકવા માંડ્યો. અજગરની ફેણ ઉપર લાઠી પડવા માંડી. મોઢા ઉપર માર વાગે તો પીડા થાય. માર બૂરો છે. અજગરે પોતાનું મોઢું નીચે લટકાવ્યું હતું. માનસેનને લાગ મળી ગયો. માનસેન ઉપર અજગર હુમલો કરે તેમ પણ નથી. તે ઝાડની ડાળે વીંટળાયેલો છે. છૂટે ત્યારે હુમલો કરી શકે. ભાગી શકાય એમ પણ નહોતું. ત્યાં તો માનસેનની લાઠીઓ આવી પડી. મોઢું લોથપોથ થઈ ગયું.

માનસેને ધડાધડ, ફડાફડ માંડી લાઠીઓ મારવા.

સાપ જેવું પ્રાણી મોઢાથી જ ભયંકર છે. તેનું મોઢું પહેલું છૂંદી નાખવું કે પકડી પાડવું જોઈએ.

દસ-વીસ લાઠીઓ પડી કે અજગર બેભાન બની ગયો. માથું લાઠીના મારથી ગાભા જેવું થઈ ગયું. અજગર જેવું તોતિંગ જાનવર ઢીલું થઈ ગયું. વાઘને પણ ભાન આવ્યું. તે પાછે પગે હઠવા માંડ્યો. તેથી અજગર ખેંચાવા માંડ્યો.



કોઈ એકાએક બોલી ઊઠ્યું, “ધન્ય છે.”

માનસેને પાછું વાળીને જોયું. પેલા ઝાડ ઉપર ચડેલો માણસ ઊતરી આવ્યો. તેની આગળ એક જુવાન દેખાયો.

‘શાબ્બાશ.” એમ તે યુવાન બોલ્યો હતો.

પોતાથી સહેજ મોટો એ બળવાન યુવાન દેખાયો. તેણે નજીક આવીને પોતાનું ખડગ ઊંચું કરીને અજગરની ફેણ ઉપર ઘા મારી દીધો. ફેણ કાપી દીધી. વાઘના શરીર ઉપરથી અજગરનો બંધ ઢીલો થઈ ગયો. પણ વાઘ ઢળી પડ્યો. તેનાં પાંસળાં જાણે કે ચૂરો થઈ ગયાં હતાં. ઘડીક પગ તરફડાવીને તે મરી ગયો.

પેલા કિશોરે માનસેનને પૂછ્યું : ધન્ય છે તમને! શું તમે ભારતીય છો?

માનસેન કહે : હા જી, અને આપ?

તેણે કહ્યું : હું અહીંનો રાજકુમાર છું. તમારી વીરતા જોઈ મને ઘણો આનંદ થયો. ઘોડો તો ગયો. હવે આપણે ચાલતા જ જઈશું. મારું નામ કુમાર છે. તમને મારી ભાઈબંધી ગમે ખરી?

માનસેન બોલ્યો : ઘણી ઘણી.

માનસેન અને કુમાર ચાલ્યા, બંનેનો મેળ બેસી ગયો. જેવો શોખ માનસેનને ફરવાનો હતો, તેવો જ શોખ કુમારને હતો. પણ એક વાત વધારે હતી. કુમારને શિકાર બહુ ગમતો. એ વાત માનસેનને પણ ગમી.

બંને મહેલમાં ગયા. માનસેનને પોતાની સાથે જ કુમારે જમાડ્યો.

આમ કુમાર અને માનસેન પાકા ભાઈબંધ બની ગયા.

પછી તો રોજ માનસેન રાજમહેલમાં કુમાર પાસે જાય છે. બંને સાથે જ રમે છે અને ફરે છે. વળી જમે છે પણ સાથે જ. પાકા ભાઈબંધ બની ગયા છે.

રાજા અને રાણીબાને પણ આ વાત ગમી ગઈ. માનસેન ચતુર અને ગુણવાન હતો.

રાણીબાએ તો માનસેનને કહ્યું કે : ભાઈ! તું અમારા રાજમહેલમાં જ કુમાર સાથે રહે.

માનસેન કહે : જી ના. મારા ઘરમાં જ રહીશ. પછી તો બંને ભાઈબંધો સાથે ફરવા નીકળે. સાથે જ બેસીને જમે છે. એમ કરતાં સગા ભાઈ જેવાં હેત બંધાઈ ગયાં. કુમાર વિના માનસેનને ગમે નહીં અને માનસેન વિના કુમારને ચેન પડે નહીં.

એક દિવસ બંને બેઠા છે અને વાતો કરે છે.

માનસેન કહે : મેં વાત સાંભળી છે, કે અહીંના જંગલમાં સિંહ ઘણા થાય છે.

કુમાર કહે : તેથી તો આ ટાપુનું નામ સિંહલદ્વીપ પડેલું છે. તેં સિંહ જોયો છેને?

માનસેન કહે : ના. અમારે ત્યાં સિંહ નથી થતા.

કુમાર કહે : તો ચાલ, અમે તને સિંહ બતાવીએ. બોલ, તું સાથે આવીશ?

માનસેન કહે : હા હા, મારે સિંહ તો જોવો છે.

બીજે દિવસે બંને મિત્રો ઘોડે ચડીને ચાલી નીકળ્યા. પેલા તળાવે પહોંચ્યા. ત્યાં થઈને ગીચ વનમાં ઘૂસ્યા.

ત્યાં એક જગાએ ચાર-છ ઝૂંપડાં હતાં.

ત્યાં જઈને કુમારે ઘોડા ઊભા રાખ્યા.

કુમારને જોતાં જ ઝૂંપડાંમાંથી માણસો બહાર આવ્યા. કુમારને માન આપ્યું. પોતાના ભાલા નીચે નમાવી દીધા.

કુમારે તેમને પૂછ્યું : પેલી સિંહણનો કંઈ પત્તો લાગ્યો કે?

તેમાંથી એકે કહ્યું : જી હા, કુમાર. પેલી ટેકરીઓમાં સિંહણની બખોલ છે. એક બચ્ચું અમે જોઈ આવ્યા.

કુમાર કહે : આપણે તે બચ્ચાને જીવતું પકડી લેવું છે.

સિંહણનું બચ્ચું પકડવા માટે કુમાર ઘણા દિવસોથી આ જગાએ આવતો હતો. અહીં રહેનારા માણસોને તેણે કહી રાખેલું. એ લોકોએ સિંહણના રહેઠાણનો પત્તો મેળવી લીધો હતો.

રાતે સિંહ અને સિંહણ શિકારે નીકળે છે, ત્યારે બખોલમાં બચ્ચું એકલું હોય.

આ બચ્ચું મોટું થાય તો તે પણ સિંહ અને સિંહણની સાથે શિકારમાં નીકળી પડે. અહીંના માણસોએ જોઈ લીધું હતું કે, બચ્ચું બહુ મોટું નથી. તે બખોલમાં જ રહે છે.

કુમાર કહે : તો તો આપણે મોડું ન કરવું જોઈએ. આજ રાતે જ પકડી લઈએ.

આમ નક્કી કરીને કુમાર અને માનસેન રહી ગયા. સાંજ પડતાં સુધીમાં સિંહની બોડ નજીક પહોંચી ગયા. અંધારામાં જવું પડે. આગળ જવાય નહીં.

સિંહને એક ટેવ હોય છે. આખો દિવસ પોતાની બખોલમાં પડ્યો પડ્યો ઊંઘે. સૂરજ આથમે એટલે બહાર નીકળે. પહેલાં તે પાણી પીવા જાય. પાણી પીને વનમાં શિકાર કરવા નીકળે.

નજીકમાં એક તળાવડું હતું. બીજે આટલું નજીક પાણી નહોતું. સિંહ આ જગાએ જ પાણી પીવા આવશે એ જોઈ લીધું. કિનારે સિંહનાં પગલાં અને સિંહની હગાર પડેલાં જોયાં. એક ઊંચા ઝાડ ઉપર બધા ચડીને બેઠા. વાત સાચી નીકળી. સૂરજ આથમ્યા પછી જરા જરા અંધારું થવાને ટાણે સિંહ પાણી પીવા આવ્યો. માનસેન તો જોઈ જ રહ્યો. પાણી પીને થોડી વાર ત્યાં બેઠો. જીભથી એકબીજાનું મોં ચાટ્યું. પોતાના પંજા ચાટીને સાફ કર્યા. પછી સિંહ ચાલતો થયો.

સિંહ અને સિંહણ ચાલ્યાં ગયાં.

બે-એક કલાક પછી બધા ઝાડ પરથી ઊતર્યા. સિંહ ને સિંહણ દૂર નીકળી ગયાં હશે.

ઝપાટાભેર બધા બોડ પાસે પહોંચી ગયા.

માબાપ ચાલ્યાં ગયાં એટલે બચ્ચું મોજથી બહાર જ બેઠું હતું. પોતાની પૂંછડી પકડવા મથતું હતું. અજવાળિયાની રાત હતી. બધા ધીમે ધીમે નજીક ગયા. હવે બચ્ચાની ઉપર ચાદર નાખી દેવાની હતી. તેમાં બચ્ચું અટવાઈ જાય. પછી પકડી લેવાનું.

ચાદર તૈયાર કરી. એક ઘણો જ ચપળ માણસ ચાદર લઈને ચાલ્યો, પણ ઉપાધિ થઈ.

બચ્ચું ઘણું નાનું હતું. તેને છોડીને સિંહણ બહુ દૂર જતી નહીં. આ વેળા પાણી પીને તે થોડો વખત સિંહ સાથે ફરી. બચ્ચું સાંભર્યું કે પાછી વળી. થોડે જ દૂર તે હશે. પોતાની બોડ તરફથી હવા આ બાજુ આવી. તેમાં માણસની ગંધ પણ આવી. સિંહણને શંકા થઈ કે મારી બોડ પાસે કોઈ માણસ હશે. કશો બોલાટ કર્યા વગર જ તે દોડી પડી. બચ્ચું બહાર રમતું હતું. એકદમ આવીને તે બચ્ચાને મોઢામાં લઈને બખોલમાં ધકેલવા માંડી. બચ્ચું પણ સમજી ગયું અને એકદમ બખોલમાં જતું રહ્યું.

કુમાર અને બીજા બધા ચમકી પડ્યા. બીક તો ખરેખરી લાગી. હવે સિંહણ હુમલો કરે તો નક્કી કોઈને મારી પાડે. ભાગ્યા વિના છૂટકો જ નહીં.

ભાગીને પણ દૂર જઈ શકાય તેવું નહોતું. ત્યાં તો સિંહ પોતે પાછો આવી ગયો. તેણે ઘુરઘુરાટી નાખી.

માનસેનને વાત સૂઝી. બીજા બધાને તેણે કહ્યું : આજુબાજુનાં ઝાડ પર જલદી ચડી જાઓ.

બધા દોડી ગયા. જે ઝાડ હાથમાં આવે તે ઝાડ પર ચડવા માંડ્યા. સિંહ જોઈ ગયો. ત્રાડ નાખતો આગળ આવી ગયો. થોડે જ દૂર એક વનવાસીને ભાગતો જોયો. પછી કંઈ સિંહ વાર લગાડે જ શાનો?

સિંહે તરાપ મારી દીધી.

પેલા વનવાસીને પછાડી દીધો. ભલા વનવાસીના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. બરાબર આ સમયે માનસેન એક ઝાડ ઉપર ચડતો હતો. તે ઝાડના થડને પંજા મારીને સિંહણ ઊભી થવા લાગી, પણ માનસેન જરા ઊંચે ચડી ગયો હતો. સિંહણ ભૂલી ગઈ. દૂરથી તરાપ મારી હોત તો માનસેનને પકડી પાડત. હવે તો માનસેન ઝપાટાભેર ઊંચી ડાળ પર પહોંચી ગયો.

હવે સિંહણ જોઈ ગઈ છે. સંતાવાની જરૂર ન રહી. માનસેને બૂમ પાડીને બધાને કહ્યું : ઊંચામાં ઊંચી ડાળ પર ચડીને બેસજો.

ઘડીક કૂદાકૂદ કરીને સિંહણ પોતાની બોડ પાસે ચાલી ગઈ. ઘડીક બોડમાં જાય અને ઘડીક બહાર નીકળી આવે. ઘુરઘુરાટ કરે અને પાછી અંદર ચાલી જાય.

રાત વીતે છે અને બધા ઝાડ ઉપર બેઠા છે. એમ કરતાં સવાર થયું. સૂરજ ઊગવાને વાર હતી કે, સિંહ આવ્યો. માણસની ગંધ તેને આવી, એટલે ઘૂરકતો ઊભો રહી ગયો. સિંહણ પણ બહાર નીકળીને દોડી. સિંહ જાણી ગયો. સિંહણે વાત કહી દીધી. એની બોલી તો કોઈ સમજી શકે જ નહીં.

કદાચ સિંહે કહ્યું હશે કે, જવા દે, આપણે આપણી બોડમાં ચાલો.

સિંહ અને સિંહણ બોડમાં ઘૂસી ગયાં.

સૂરજ માંડ્યો ઊંચે ચડવા. ઝાડ પર બેઠાં બેઠાં હવે તો બધા અકળાઈ ગયા હતા. આખી રાત એમ ને એમ વિતાવી. હવે નીચે કેમ ઊતરવું, એ એક પંચાત થઈ પડી.

કુમારે કહ્યું : સિંહ ને સિંહણ બોડમાં છે. આપણે છાનામાના ઊતરીને ભાગીએ.

બીજા માણસોએ કહ્યું : કદાચ પાછળ પડે તો?

તો જીવતા બચાય નહીં.
તો પછી ઝાડ પર ક્યાં સુધી બેસી રહેવું?
સાહસ કર્યા વિના સંકટમાંથી નીકળાય નહીં.

કુમાર કહે : હવે બપોર જામ્યા છે. સિંહ ને સિંહણ ઊંઘતાં હશે. થવું હોય તે થાય. આપણે ભાગો.

બધા ઝાડ ઉપરથી ધીમે ધીમે નીચે ઊતરી ગયા. પછી તો જેમ પંખી ઊડે તેમ ઊપડ્યા. થોડે દૂર ગયા અને એવા દોડ્યા કે ઝૂંપડા પાસે પહોંચ્યા, ત્યારે જ એમ લાગ્યું કે હવે બચી ગયા.

રાતનો ઉજાગરો હતો.

થાક પણ ઘણો લાગેલો. છતાં અટકીને બેઠા નહીં. કુમાર અને માનસેન તો તરત જ ઘોડે ચડી ગયા અને ઘોડા દોડાવી દીધા.

નગરમાં આવે ત્યાં તો હોહા થઈ ગઈ. કુમાર રાતે નથી આવ્યા એ જાણીને કુમારને શોધવા માણસો છૂટ્યા હતા. રાજમહેલમાં ભારે ચિંતા થઈ પડી હતી.

ચારે બાજુ માણસો દોડી ગયા
કુમાર અને માનસેન મહેલમાં ગયા.
રાજા-રાણી વિચારમાં પડી ગયાં.
રાજાએ બંનેને બોલાવ્યા. પાસે ઊભા રાખ્યા.

પહેલાં તો પ્રેમથી બધું પૂછ્યું. પછી ગુસ્સે થઈને તેમણે માનસેનને કહ્યું : હવેથી તું

મહેલમાં કદી આવીશ નહીં. કોઈ દિવસ કુમાર સાથે ફરીશ નહીં. તારે લીધે જ કુમાર આવો રખડુ બની ગયો છે. તારા જેવા રખડુની ભાઈબંધી ન જોઈએ.

માનસેન નીચું મોઢું કરીને મહેલમાંથી નીકળી ગયો. ઘેર ગયો. ત્યાં ભાઈએ પણ ઘણો ઠપકો દીધો. હવેથી પેઢી પર જ બેસી રહેવાની આજ્ઞા આપી.

■ ■ ■

કુમાર અને માનસેન એકબીજાને મળી શકતા નથી. રાજકુમાર મહેલમાં અને માનસેન તેની દુકાનમાં.

કુમારને માનસેન સાંભરે છે અને માનસેનને કુમાર સાંભરે છે. કુમારને મનાઈ થઈ ગઈ છે કે, મહેલમાંથી બહાર પગ ન મૂકવો. માનસેનને તેના મોટા ભાઈએ પેઢીમાંથી ક્યાંય ન જવાની આજ્ઞા આપી છે.

દિવસો વીતે છે. બંને મિત્રોને ચેન પડતું નથી. પણ થાય શું?

એક દિવસે માનસેન બજારમાં ચાલ્યો જતો હતો. પાછળથી કોઈએ તેનો ખભો પકડ્યો. ચમકીને તેણે પાછળ જોયું. પેલાએ ધીમેથી કહ્યું : જરા આમ તો આવો! એક વાત કહેવી છે.

આમ કહી તે માનસેનને બાજુ પર લઈ ગયો. તેણે એક ચિઠ્ઠી કાઢીને આપી. વાંચીને માનસેન નાચી ઊઠ્યો. કુમારે ચિઠ્ઠી લખી મોકલી હતી.

ચિઠ્ઠીમાં લખ્યું હતું કે : આ ચિઠ્ઠીનો ઉત્તર મોઢેથી કેવળ હા કે નામાં આપજે. કાગળ લખતો નહીં.

માનસેને પેલા માણસને કહ્યું : કુમારને હા કહેજે.

'ભલે' કહીને માણસ જતો રહ્યો. માનસેનના આનંદનો પાર ન રહ્યો.

રાતે નવ વાગ્યે દરિયાકાંઠે કુમારને મળવાનું હતું. હવે તો સૂરજ ક્યારે આથમે અને ક્યારે નવ વાગે એની જ રાહ જોવાતી હતી. ઘેર જઈને માનસેન અકળાઈ ઊઠ્યો. કેમે કરી ઝટ સાંજ પડતી નથી, પણ સમય સદા વહ્યા જ કરે છે. એ કદી અટકતો જ નથી. સાંજ પણ પડી અને નવ પણ વાગ્યા. રાતના અંધારામાં સાગરને એક ખૂણે માનસેન અને કુમાર મળ્યા. બાથંબાથ ભીડીને પહેલાં તો ભેટ્યા.

કુમાર કહે : બધી વાતો આપણે વહાણમાં કરીશું.

માનસેને કહ્યું : વહાણમાં શા માટે? અહીં જ બેસી પડીએ. ભાઈ, પેટ ભરીને વાતો કરવી છે.

કુમાર કહે : પેટ ભરીને નહીં પણ કોઠી ભરીને વાત કરજે, પણ હમણાં જ વહાણ આવી પહોંચશે. આપણે તેમાં ચડીને જવાનું છે અને પાછા વળવાનું નથી.



માનસેન નવાઈ પામી ગયો. કુમારની વાત તે સમજી શક્યો નહીં.

કુમારે કહ્યું : મેં વહાણ તૈયાર કરાવ્યું છે, તેમાં આપણે ચાલ્યા જવાનું છે.

માનસેને કહ્યું : પણ ક્યાં?

કુમાર કહે : જવાય ત્યાં.

માનસેને કહ્યું : અને પછી?

કુમાર કહે : પછીની વાત પછી. અત્યારે શું, એ જ આપણે વિચારવાનું છે. પછી શું થશે એ કંઈ જ વિચારવાનું ન હોય, અત્યારે જે કરીએ, તેનું પરિણામ જ પછી બાકી હોય.

માનસેન વધારે કંઈ પૂછી ન શક્યો. વાત ચાલતી હતી, તેટલામાં એક હોડી કિનારે આવી ગઈ. તેમાંથી ઊતરીને એક ખારવાએ કુમારને ઝૂકીને નમન કર્યું.

કુમારે પૂછ્યું : તૈયાર છે?

ખારવો કહે : જી, હા.

કુમાર કહે : ચાલ માનસેન!

બંને જઈને હોડીમાં બેસી ગયા. રાતના ઘોર અંધારામાં સાગરનાં ઘેરાં પાણી ઉપર ડોલતું વહાણ ચાલ્યું.

માનસેને પૂછ્યું : કુમાર, આવા વહાણમાં આપણે ક્યાં જઈ શકીશું?

કુમારે કહ્યું : મોટું વહાણ દૂર ઊભું રાખ્યું છે. કિનારો છીછરો છે, માટે વહાણો આવી શકતાં નથી.

લગભગ એક કલાક હોડી ચાલતી રહી. વહાણની નજીક પહોંચી ગયા, ઉપર પણ ચડી ગયા.

કુમારે હોડીવાળા ખારવાને કહી દીધું કે, પંદર દિવસ સુધી આ વાત કોઈને કહેવાની નથી.

રાત્રિનો સમય છે. ઘેરું ઘેરું ગરજી રહેલાં મોજાંઓ વહાણની સાથે જાણે કે કુસ્તી કરી રહ્યાં છે. ફડાક ફડાક કરતી લપડાકો લગાવતાં મોજાં સાથે વહાણ પણ જાણે કે શરતમાં ઊતર્યું છે. માથા ઉપર ગગનના તારલાઓ ટમટમી રહ્યા છે અને વહાણને જાણે કે એકીટસે જોઈ રહ્યા છે. તારા સિવાય આ ઘોર અંધારામાં કોઈ તેમને જોતું નહોતું. સાથે બે ખારવાઓ હતા, તે કુમારના ખાસ માનીતા હતા.

માનસેન અને કુમાર ઘણા દિવસની ભેગી કરેલી વાતો કરતા હતા. ખલાસીઓ પણ ઝોકાં ખાતા હતા. એક જણ સુકાન ઝાલીને બેઠો હતો. હવા સરસ વહેતી હતી. સઢ ખોલી દીધો હતો. સરેરાટ વહાણ વહી નીકળ્યું. વાતોની મઝામાં વહાણ ક્યાં જાય છે, એ પણ વીસરી ગયા.

આખી રાત તો કાપી નાખી. પૂર્વમાં ગુલાબી રંગ પથરાવા લાગ્યો. માનસેને કુમારને પૂછ્યું : કુમાર, આપણે ક્યાં જવું છે, એ તો કહો?

કુમાર કહે : ક્યાં જવું છે તેનો નિર્ણય કરીને નીકળ્યા નથી. બસ દૂર દૂર, દરિયાપાર જવું અને જોવું. જ્યાં વહાણ જાય ત્યાં જવા દેવું. આપણા ખલાસીઓ અનુભવી અને હોશિયાર છે. એ જ્યાં જવું હશે ત્યાં લઈ જશે. આપણી સાથે છેવટ સુધી રહેશે. સાહસી અને વીર છે.

માનસેને કહ્યું : પણ આપણે એક દિશા તો નક્કી કરવી જોઈએને!

કુમાર કહે : જાવા, સુમાત્રા, મલાયા, કંબોડિયા જેવા બધા દરિયાના મુલકોમાં ઘૂમીને આપણે પાછા ફરીશું, અને ન પણ ફરીએ. કદાચ કોઈ સરસ જગા મળી જાય તો ત્યાં જ રહી જઈએ.

સૂરજનારાયણનું તેજ પથરાઈ ગયું હતું. મોજાંઓની સાથે સૂરજકિરણોને નાચતાં જોઈ હૈયાં પણ નાચતાં હતાં, જાણે સોનેરી કિરણો પાણીમાં રમે છે.

બે દિવસ પસાર થઈ ગયા.

એવામાં અચાનક એક ખલાસીએ બૂમ મારી. તે ગભરાટની બૂમ હતી. 'કુમારસાહેબ, આફત!'

કુમાર કહે : ગભરાયા વગર કહે, શી આફત?

ખલાસી કહે : જુઓ, પેલું દરિયામાં કાળું કાળું દેખાય છે, તે જોયું? જુઓ, જુઓ! ઘડીમાં ઉપર આવે છે અને ઘડીમાં પાણીમાં જાય છે.

કુમારની પાસે જ માનસેન હતો. બંને જણ જોવા લાગ્યા. કાળા કાળા ધાબા જેવું કશુંક દેખાતું હતું.

ખલાસી કહે : એ જળઘોડો છે. મહાન જોરાવર છે. એ બહુ જ તોફાની હોય છે. જો આપણને ભેટી જશે તો ભારે આફત આવી પડશે. એક જ ઝપાટે વહાણને ઊંધું નાખી દે.

માનસેને કહ્યું : આપણે વહાણ બીજી દિશામાં વાળો.

કુમાર કહે : હા, તેમ જ કરો. સઢ ફેરવી લીધા.

સુકાન બદલ્યું.

વહાણ બીજી દિશામાં ચાલવા લાગ્યું. આફતથી બચવા ભાગતા હતા, પણ આફત પાછળ પડી હતી.

જળઘોડો મહાભયંકર પ્રાણી છે. હાથીના કરતાંય તે જબરા જોરવાળો છે. બીજું તો ઠીક, પણ એ તોફાની બહુ. ખાલી ખાલી રમતમાં વહાણને ડુબાડી દે એવો. તે જાણે કે હું કોઈની જોડે કુસ્તી રમી રહ્યો છું.

હજુ પીઠ ફેરવી, ત્યાં તો ડબાક કરતોકને એક મોટો હાથી જાણે દરિયામાંથી નીકળીને પાણી ઉપર આવ્યો. એ જગામાં મોટી ખળેળાટી મચી ગઈ. બધાની નજર તરત જ તે તરફ ગઈ, અને એ સાગરના હાથીને જોયો. એ હતો જળઘોડો, પણ હાથીના ભાઈ જેવો.

થોડી વાર થઈ કે મોટી ચીસ સંભળાઈ. માનસેન અને કુમાર બંને ચમકીને પાછળ ફર્યા. એક ખલાસી સાગરના પાણીમાં ઊછળી પડતો દેખાયો. કુમાર આ ખેલ સમજી ગયો. ખલાસીએ જળઘોડાને ઊછળતો જોયો અને લાગ મળી ગયો. તેનો ભાલો ઘોડાને અડકી જાય તેમ હતો. જેવો ઘોડો ઊછળ્યો તેવો જ તેણે ભાલો માર્યો. ભાલો બરાબર ઘોડાના શરીરમાં ઘૂસી ગયો, પણ ભૂલ એ થઈ કે ખલાસી વીરે ભાલો છોડી ન દીધો. ભાલો મારીને પાછો ખેંચી લેવા જોર કર્યું તેવો જ ઘોડો ઊછળ્યો. એણે એવો ઝટકો માર્યો કે ભાલા સાથે ખલાસી પણ ઊછળી પડ્યો. તેનું નામ યશીર હતું. સિંહાલી ભાષામાં યશીર કહેવાતું, પણ તે યશવીરનું બદલાયેલું અપભ્રંશ નામ હતું.

યશવીરને પાણીમાં પડતો જોઈ બધા કમકમી ઊઠ્યા. કુમાર તો એટલા બધા અકળાઈ ગયા કે પાણીમાં કૂદીને યશવીરને બચાવવા તૈયાર થઈ ગયા.

પણ નસિંગ નામના ખલાસીએ કુમારને પકડી લીધા.

એનું નામ નરસિંહ એટલે નસિંગ.

નરસિંહે કહ્યું : આપ ગભરાશો નહીં. હમણાં જ યશવીર પાણી ઉપર આવશે. પાણીમાં ડૂબકી મારીને મોટી માછલીઓનો શિકાર ખેલવામાં એ પાકો છે. જળઘોડો તેને કંઈ કરશે નહીં.

કુમાર ગભરાઈને બોલ્યા : પણ એ તો પાણીમાં ઊતરી ગયો!

નરસિંહ બોલ્યો : પડતાંની સાથે તો ડૂબે જ. પણ એ પાછો ઉપર આવશે.

ત્યાં તો ઉછાળો મારતો યશવીર પાણીમાંથી બહાર આવ્યો. નરસિંહે પોતાનો ભાલો લંબાવ્યો કે જેથી ભાલો પકડીને યશવીર વહાણ પાસે આવી જાય, પણ યશવીરે ભાલાની દરકાર ન કરી. તે ઝપાટાભેર વહાણ પાસે આવી ગયો. નીચે લળી પડીને નરસિંહે એક દોરડું લટકાવી દીધું. તે દોરડું પકડીને યશીર વહાણની કિનારી પાસે પહોંચી ગયો. તેનો હાથ પકડીને બીજાઓએ ઉપર ખેંચી લીધો.

બધા નવાઈ પામી ગયા. યશવીરના હાથમાં ભાલો હતો. તેણે ભાલો છોડ્યો નહોતો. ઘોડાના શરીરમાંથી ભાલો પાછો ખેંચી લીધો હતો. કુમારે હેતના ઊભરાથી યશવીરને બાથમાં લઈ લીધો. કપડાં તો પલળ્યાં જ.

હવે વહાણ હંકાર્યું.
મહિનાના મહિનાઓ વીતી ગયા.
સાગરનાં અવનવાં પાણી આવ્યાં ને ગયાં.

કેવી કેવી મઝા આવી. તારાની ભાતવાળી ભાતભાતની રાતો વીતી ગઈ.

દૂર દૂર કોઈ અજાણી દિશામાં નીકળી ગયા.

કુમાર કહે : દોસ્ત માનસેન, આપણે નક્કી આફ્રિકા પહોંચવાના. આ એની જ દિશા છે.

માનસેન કહે : દુનિયાના કોઈ પણ દેશમાં ભલેને આપણે પહોંચીએ. આપણે તો નવા દેશ જોવા છે.

આમ કરતાં એક દિવસની રાત પૂરી થઈ. સવાર થતાં જ જાગ્યા. ચારે બાજુ ફરતું ધુમ્મસ છવાયું હતું. વરાળ બનીને પાણીનાં આછાં વાદળ બની ગયાં હતાં.

ગાઢ ધુમ્મસમાં જાણે ઘેરાઈ ગયા. વહાણમાં બે હાથ દૂર પણ કશું જોઈ શકાતું નહોતું. જાણે કે ઊંચે આકાશમાં વાદળાંના ગોટાઓ વચ્ચે બેઠા હોઈએ એમ લાગતું હતું. વહાણ તો ઊભું જ રાખવું પડ્યું. એટલું સારું હતું કે દરિયો શાંત હતો. એમ ને એમ ચોવીસ કલાક નીકળી ગયા. આગળ ચલાય એમ નહોતું. કુમારે ઢોલક ઉઠાવી લીધું અને ધૂનમાં વગાડવા લાગ્યા.

માનસેને કહ્યું : ચલો દોસ્તો! ગાઓ પેલું ગીત.

*બઢે ચલો...*
*બઢે ચલો...*
*ચલે ચલો રે... બઢે ચલો રે...*

*ડરવાની વાત નહીં*
*દિવસ કે રાત નહીં*
*ભયની વિસાત નહીં,*
*આપણે તો આપણો જ પંથ ભલો રે, ચલે ચલો રે*
*બઢે ચલો, બઢે ચલો, ચલે ચલો રે, બઢે ચલો રે.*

*સંકટથી નહીં ડરો*
*પાછું ડગ નહીં ભરો*
*એ જ એક વીર ખરો,*
*આગ માંહી કૂદી પડો, ભલે જલો રે, ચલે ચલો રે*
*બઢે ચલો, બઢે ચલો, ચલે ચલો રે, બઢે ચલો રે,*

*દુઃખ બધાં ઝેલશું*
*મોત સંગ ખેલશું*
*સંકટને ઠેલશું,*
*કામ કરો, કામ કરો, ફૂલો ફળો રે, ચલે ચલો રે*
*બઢે ચલો, બઢે ચલો, ચલે ચલો રે, બઢે ચલો રે.*

આ ગીત ગાતાં ગાતાં બધા ખરેખર જોશમાં આવી ગયા. ખલાસીમિત્રો ઊછળીને હલેસાં ચલાવવા લાગ્યા. વાદળાંના દળમાં ઊડ્યા જતા હોઈએ એમ લાગતું હતું. આ વખતે માનસેનને ચોમાસાના દિવસો સાંભરી આવ્યા. પાવાગઢની મુસાફરી યાદ આવી. આબુ ઉપર ચોમાસામાં કેવી મોજ આવતી એ પણ યાદ આવ્યું. આવી જ રીતે વાદળાંના ગોટેગોટા ચારેકોર ફેલાઈ જાય. પણ અહીં વરસાદ નહોતો. આ મોજમાં તો વહાણ ઉપર પાણીનો ધોધ છોડીને બંધ કરી દીધો હોય એમ લાગ્યું. હજી તો બધા કંઈ વિચારે કે બોલે તે પહેલાં જ વહાણને થપાટ વાગી. તેનો ફટાકો સાંભળ્યો.

કુમાર કહે : રોકી લો. અટકાવી દો.

વહાણ ઊભું રાખી દીધું. દરિયો શાંત હતો. પાણીની એક છોળ ઊડેલી. એ નવાઈની વાત હતી. કોઈ દરિયાઈ જાનવરનું એ કામ હોઈ શકે.

કુમાર કહે : એમ પણ હોય કે, પેલો જળઘોડો નીકળી આવ્યો હોય!

નસિંગ કહે : ના જી, જળઘોડાની થાપટ વાગે તો તે વહાણને ડોલાવી મૂકે. આ કંઈ બીજું જ છે. કદાચ એમ હોય કે, નજીકમાં કોઈ ખડક હોય અને તેની સાથે પાણી અથડાયાં હોય અને એની છોળ ઊડીને વહાણમાં પડી હોય.

કુમાર કહે : ગમે તે હોય, પણ આ ધુમ્મસમાં આપણે કશું જોઈ શકીએ એમ નથી. આપણે ચેતતા રહો. તૈયાર થઈને ઊભા રહો. પછી જે થાય તે જોઈએ.

ત્યાં તો વહાણ અટકી પડ્યું. જાણે કે કશાક સાથે અથડાઈ પડ્યું.

એમ ને એમ રાત પડી ગઈ. બીજે દિવસે સવારે જાગ્યા ત્યારે ચોખ્ખું આકાશ દેખાયું. હાથ જોડીને સૂરજ ભગવાનને પગે લાગવા ચારે ગોળગોળ ફરી વળ્યા. પૂર્વ દિશે કઈ બાજુ હશે, એનું ભાન રહ્યું નહોતું. જ્યાંથી સૂરજ ઊગે તે પૂર્વ દિશા ગણવાની હતી. સૂરજ ઊગે ત્યાં લાલાશ કે પ્રકાશ દેખાય. એ ઉષા. ઉષાનાં દર્શન થાય તે પહેલાં જ એક ખારવા મિત્રે આફતનાં દર્શન કરી લીધાં. તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ.

તે એકદમ દોડીને આવ્યો. હાથ લાંબો કરીને ઝટ ઝટ બોલવા ગયો, પણ એવો ડરેલો કે ઝટ બોલી ન શક્યો.

કુમાર કહે : ગભરા નહીં, શાંતિથી કહે.

તે બોલ્યો : ભયંકર જાનવર.

બધા દોડી પડ્યા. વહાણની કિનાર પર જઈને જોયું. ઓ હો હો હો! વહાણની જેટલી જ લંબાઈનો રાક્ષસી મગરમચ્છ દેખાયો. એનો એક જ ઝપાટો વાગે કે વહાણ તો પાણીમાં વાટકી ડૂબે તેમ ડૂબી જાય. જોઈને બધા થીજી જ ગયા. એના પડખા સાથે જ વહાણ અથડાઈને અટકી ગયું. હવે જરા જરા અજવાળું થતું હતું. ધુમ્મસ હટવા માંડેલું. આ રાક્ષસી મગરમચ્છ દેખાવા માંડ્યો.